

શિક્ષણ વિભાગના આઈ-હબ દ્વારા અમદાવાદ ખાતે ઉદ્યોગ સાહસિકો સાથે વાર્તાલાપના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે સ્ટાર્ટઅપ ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેમને માર્ગદર્શન આપ્યુ હતુ.

# કલાઈમેટ ચેન્જ અંગેના પંચામૃત : યુવા જાગૃતિ પખવાડિયું 'અન્નનો આદર' કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજયના કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા પંચામૃત યુવા જાગૃતિ પખવાડીયાના ભાગરૂપે ટાગોર હોલ અમદાવાદ ખાતે તાજેતરમાં અન્નનો આદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજયકક્ષાના કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા (પંચાલ), કલાઈમેટ ચેન્જ વિભાગના મુખ્ય સચિવ એસ.જે.હૈદર, કલાઈમેટ ચેન્જ વિભાગના સંયુકત સચિવ બીપીન એચ.તલાટી, શિવાની ગોયલ, નિયામક જેડા વકતા જય વસાવડા, આરજે દેવકી અને ભાસ્કરભાઈ સહિત અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં જનસમુદાય ઉપસ્થિત રહયો હતો. વિભાગના મુખ્ય સચિવ એસ.જે.હૈદરે સ્વાગત પ્રવચન કર્યું હતું. આરજે દેવકીએ તેમની આગવી શૈલીમાં કાર્યક્રમ વિશે ઉપસ્થિત લોકોને સરળતાથી અન્નના આદર અને તેના મહત્વ વિશે વિવિધ અનુભવો અને ઉદાહરણો આપી માહિતગાર કર્યા હતા.

રાજયકક્ષાના કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અન્નના આદર માટે ખુબ ઉંડાણપુર્વક માહિતી થકી જનસમુદાયને પ્રેરિત અને જાગૃત કર્યા હતા. વકતા જય વસાવડા દ્વારા અન્નના આદર પરના ફોરમ નિમિત્તે આજના યુવાનોને કલાઈમેટ ચેન્જના વર્તમાન અને ભાવિ પેઢીના પડકારો અને કલાઈમેટ ચેન્જનો સામનો કેવી રીતે કરવો તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ વ્યાપક પ્રમાણમાં થઈ રહેલી અસરો અને તેના પડકારોનો સામનો કરવા માટેના ઉપાયોગ સુચવ્યા હતા. અંતમાં સંયુકત સચિવ બીપીન એચ.તલાટીએ સભાગૃહમાં ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો અને કાર્યક્રમનું સમાપન કરાયું હતું.

# આજે કર્મવીર જયંતીલાલ બારોટ સ્મૃતિગ્રંથનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૮

તા. ૯ ઓક્ટોબર, રવિવારે કર્મવીર જયંતીલાલ બારોટ સ્મૃતિગ્રંથના લોકાર્પણનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રહલાદનગર જૈન સંઘની સામેના ગ્રાઉન્ડમાં, પ્રહલાદનગર, અમદાવાદ ખાતે બપોરે ૩ કલાકથી સાંજે ૬ કલાક દરમિયાન યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રસંત પરમ પૂજય આચાર્ય ભગવંતશ્રી, પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ ગં.સ્વ. હંસાબેન જયંતીલાલ બારોટ, આનંદ મહારાજ (પ્રમુખ, વિશ્વ વેદાંત સંસ્થાન), સુરેશકુમાર જૈન (વરિષ્ઠ પ્રચારક, રાષ્ટ્રીય સેવક સંઘ), ભુપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ શિક્ષણમંત્રી), પ્રવીણ કે. લહેરી (પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય), ઋષિકેશભાઈ પટેલ (મંત્રી, ગુજરાત રાજ્ય), ડૉ. કિરીટ પી. સોલંકી (સાંસદ,લોકસભા), તરૂણ બારોટ (પૂર્વ ડીવાયએસપી)ની વિશેષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે.




ગાંધીનગર શહેરમાં સમાવેશ કરાયેલ ગામો હજુ વિકાસથી વંચિત છે. શહેર જેવી સુવિધાઓની માંગ કરી રહેલા ગ્રામ્ય વિસ્તારો ઈન્દ્રોડા, બોરીજ, આદીવાડા, ધોળાકૂવા, ફતેપુરા, પાલજ અને બાસણના ગ્રામજનોએ પોતાની પડતર માંગણીઓને લઈને પ્રતીક ઉપવાસ અને ધરણા કાર્યક્રમ યોજ્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો આ ધરણા કાર્યક્રમમાં જોડાયા હતા.




ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજ ખાતે જિલ્લા કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા

# પ્રવાસી બંધુઓ માટે સરકારી યોજનાનો લાભ મેળવવાની ઝુંબેશ





ગાંધીનગર, તા.૮

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર સંચાલીત સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ માનવ કલ્યાણ હેતુ વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. દેશના અન્ય રાજ્યોમાંથી આવતા શ્રમિક પ્રવાસી બંધુઓ સરકારી યોજનાઓના લાભથી વંચિત ના રહે તેમજ જરૂરિયાત સમયે સહાય મેળવી શકે તે માટે સંસ્થા દ્વારા ઝુંબેશ ચલાવી જીલ્લાના આશરે ૩૦૦ જેટલા પ્રવાસી શ્રમિકોને ઈશ્રમ કાર્ડ અને નેશનલ હેલ્થ કાર્ડ કઢાવવા સહાય કરવામાં આવી હતી.

# શારદા સ્કુલ ઓફ ફાર્મસીનુ ગૌરવ





જીટીયુ-૨૦૨૨ની ડીફાર્મ પ્રથમ વર્ષની યુનિવર્સિટીની પરીક્ષામાં શારદા સ્કુલ ઓફ ફાર્મસી કોલેજના વિધ્યાર્થીઓ પટેલ જનકકુમાર કનુભાઈએ પહેલું , પટેલ જયકુમાર વસંતભાઈએ ચોથુ અને પટેલ ક્રિશ શૈલેશભાઈએ આઠમું સ્થાન તેમજ જીટીયુ-૨૦૨૨ની બી.ફાર્મ. સેમેસ્ટર-૪ની યુનિવર્સિટીની પરીક્ષામાં કોલેજના વિધ્યાર્થીઓ તિવારી નિકિતા શુભાસચન્દ્રે ચોથુ , શર્મા અદિતિએ નવમું અને શુકલ હેમંતે દસમું સ્થાન પ્રાપ્ત કરી સંસ્થા નુ નામ રોશન કરેલ છે.

# આજે ગુજરાત નાગર પરિષદ દ્વારા રક્તદાન શિબિર

ગાંધીનગર, તા.૮

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ૨૫ વર્ષ ની ઉજવણીના ભાગરૂપે સેવાકીય પ્રવૃત્તિઓમાં સંસ્થાના ગાંધીનગર ખાતેના કાર્યકરો દ્વારા તારીખ ૯મીના રોજ સવારે ૯:૦૦ વાગ્યે રક્તદાન શિબિરનું આયોજન શ્રધ્ધાદીપ બ્લડબેંક, કુડાસણ ખાતે કરવામાં આવશે જેમાં અત્યારે ૪૧ વ્યક્તિઓએ નામ નોંધાવ્યા છે. ઉપરોક્ત શિબિરનું આયોજન ગાંધીનગરના સમગ્ર ગુજરાત નાગર પરિષદના કાર્યકરો તરંગભાઈ હાથી, વત્સલભાઈ વોરા, દર્પણભાઈ બુચ તથા સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા સર્વેને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# અરવિંદ કેન્દ્ર ખાતે બેઠા ગરબા સ્પર્ધા, ગરબા શણગાર સ્પર્ધા અને દાંડિયા શણગાર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૮

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા દ્વારા બેઠા ગરબા સ્પર્ધા, ગરબા શણગાર સ્પર્ધા અને દાંડિયા શણગાર સ્પર્ધાનું આયોજન ૧૦મી ઓક્ટોબરના રોજ બપોરે ૧:૩૦ કલાકે અરવિંદ કેન્દ્ર , સેક્ટર- ૨૩ ખાતે કરવામાં આવ્યું છે. નગરની તમામ બહેનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે સંસ્થાના પ્રમુખ ડો. ચેતના બુચ અનુરોધ કર્યો છે. આ કાર્યક્રમ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર તેમજ વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નવરાત્રી દરમિયાન શેરી ગરબા સ્પર્ધાનું આયોજન મીનળબેન ઓઝાની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું . શેરી ગરબા સ્પર્ધાના વિજેતાઓને બેઠા ગરબા સ્પર્ધા કાર્યક્રમમાં ઈનામ વિતરણ પણ કરવામાં આવશે તો શેરી ગરબામાં વિજેતા એવા તમામ બહેનોને પણ ઉપરોક્ત સ્પર્ધાઓમાં ભાગ લેવા અનુરોધ કર્યો છે. બેઠા ગરબા સ્પર્ધામાં પાંચથી સાત બહેનોના ગ્રુપમાં ભાગ લઈ શકાય છે તેમ ડો. ચેતના બુચ પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા જણાવ્યું હતું.

# પંચદેવ મંદિર ખાતે ૧૦મીથી સાત દિવસ સુધી અતિ રૂદ્ર યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૮

પંચદેવ મંદિર ખાતે તારીખ ૧૦મી ઓકટોબરથી સાત દિવસ સુધી અતિ રૂદ્ર યજ્ઞ યોજાશે. ગાંધીનગરમાં રૂદ્રાભિષેક મંડળ ભગવાન મહાદેવનું આરાધન કરનાર પચાસ વર્ષ જૂનુ મંડળ છે. આ અતિ રૂદ્ર યજ્ઞ પંચદેવ મંદિર ખાતે રૂદ્રાભિષેક મંડળ ૫૦ વર્ષ પૂર્ણ થયાના કારણે યોજવામાં આવી રહ્યું છે. જેની તડામાર તૈયારીઓ થઈ રહી છે.

### હિન્દુ વિરોધી કેજરીવાલ ગો બેક નું લખાણ

# કેજરીવાલના રોડ શો પહેલા વડોદરામાં મામલો બિચક્યો

વડોદરા,તા.૮

વિધાનસભાની ચૂંટણી ટાણે વડોદરામાં રાજકીય માહોલ ગરમાયો છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં સભાઓ ગજવી રહ્યું છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ આજે ગુજરાતના પ્રવાસે છે, ત્યારે આજે તેમનો વડોદરામાં એક રોડ શો કરવાના છે. પરંતુ કેજરીવાલ ૩ વાગ્યાના રોડ શોમાં છેક ૬ વાગ્યે પહોંચતા વિવાદ ઉભો થયો છે. રોડ શોના સ્થળે બેનર્સના મુદ્દે ભાજપ અને આપના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ હતી. જોકે, પોલીસે મામલો થાળે પાડ્યો હતો. વડોદરામાં વરસતા વરસાદ વચ્ચે કેજરીવાલ એક કિમીનો રોડ શો કર્યો, કેજરીવાલનું વડોદરામાં ભવ્ય સ્વાગત કરાયું છે અને કાર્યકરોના ટોળા ઉમટ્યા છે.દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને પંજાબના સીએમ ભગવંત માન વડોદરા પહોંચ્યા છે. તિરંગા યાત્રામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં આપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા છે. વડોદરામાં અરવિંદ કેજરીવાલનો વિરોધ કરાયો છે. વડોદરામાં કાળા વાવટા ફરકાવીને કેજરીવાલનો વિરોધ કરાયો છે. કેજરીવાલ વિરોધી સૂત્રોચ્ચાર પણ થઈ રહ્યો છે. આજે કેજરીવાલને લઈને પોસ્ટર વોર શરૂ થયું છે. જેમાં પોસ્ટર વૉરનું એપી સેન્ટર વડોદરા બન્યું છે. ત્યારે ભાજપ અને આપના કાર્યકરો આમને સામને આવ્યા છે. વડોદરામાં આપની તિરંગા યાત્રા નીકળવાની છે.



અમદાવાદ મેટ્રોનો શુભારંભ થતા સ્ટડી ટૂરના ભાગરૂપે શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ મેટ્રોમાં સફરની મોજ માણી હતી. શિક્ષણ વિભાગ અને જીએમઆરસીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ સ્ટડી ટૂરમાં વિદ્યાર્થીઓની સાથે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી હોંશભેર જોડાયા હતા.

### આદર્શ નિવાસી શાળા સેક્ટર-૧૩માં

# મંત્રી પ્રદિપભાઈ પરમારના હસ્તે ૧૧૦ ટેબલેટનું વિતરણ કરાયું

### એક વિઝન, એક મિશન અને ટેકનોલોજી થકી દેશ અને દુનિયા પર રાજ કરવા અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ



ગાંધીનગર, શનિવાર

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદિપભાઈ પરમારના હસ્તે આદર્શ નિવાસી શાળા (વિકસતિ જાતિ-કન્યા) સેકટર-૧૩ ગાંધીનગર ખાતે ૧૧૦ જેટલા ટેબલેટનું વિતરણ યુવા અનસ્ટોપેબલ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે મંત્રી પ્રદિપભાઈ પરમારે જણાવ્યું હતું કે, સરકારની સહાય ઉપરાંત આદર્શ નિવાસી શાળાઓને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ થકી પણ લાભો મળે છે. આજે એજ મિશન થકી અહીં ૧૧૦ જેટલા ટેબલેટનું વિતરણ થઈ રહ્યું છે. યુવા અનસ્ટોપેબલે વિધાર્થીઓના ભવિષ્યના ઘડતર માટે કરેલા કાર્યો બદલ તેમણે આભાર પ્રકટ કર્યો હતો. તેમણે વિધાર્થીનીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, ટેબલેટનો ઉપયોગ યોગ્ય રીતે અભ્યાસમાં થાય અને ભવિષ્યમાં તેનાથી લાભ થાય તેવો આગ્રહ રાખ્યો હતો. તેમણે વિધાર્થીનીઓને એક મંત્ર આપ્યો હતો ' એક વિઝન, એક મિશન' અને આ મંત્ર થકી દેશ અને દુનિયા પર રાજ કરવા તથા, આજે ભલે પોતે સામાન્ય પરિસ્થિતી મા ઉછરે પણ ભાવી પેઢીને સામાન્ય ન રહેવા દેવા અભ્યાસ ઉપર કેન્દ્રિત કરવા જણાવ્યુ હતું. સાથોસાથ તેમણે વિધાર્થીનીઓને એ પણ જણાવ્યું હતું કે, તમારો જન્મ માત્ર કોઈ એક નોકરી કરી જીવન ગુજારવા નથી થયો પરંતુ વિશ્વ પર રાજ કરવા થયો છે, આવા વિઝન સાથે એક મિશન રાખશો તો ચોક્કસ સફળ બનશો. માત્ર પોતાના માટે તો સૌ કોઈ જીવે છે પણ જ્યારે અન્ય માટે કંઈક કરવાની પ્રેરણા જાગે ત્યારે સફળ બની શકશો. આ પ્રસંગે સંયુકત નિયામક એચ.એમ. વાઘાણીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય સુનિતાબેન ત્રિવેદીએ કર્યું હતું. તેમણે શાળા અને શાળામાં ચાલતી વિશેષ પ્રવૃતિઓની માહિતી આપી હતી. આ પ્રસંગે જીતુભાઈ ચૌહાણ, યુવા અનસ્ટોપેબલ સંસ્થાના ઉપપ્રમુખ પવનભાઈ જૈન, હેમાંગભાઈ, નાગદેવભાઈ ઝાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ

# ગીર ફાઉન્ડેશન ખાતે ગુજરાતના પક્ષી વિહંગાલોકનના કાર્યક્રમમાં જોડાયા

ગાંધીનગર, તા.૮

સરકારી વિજ્ઞાન કોલેજના પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિ શાસ્ત્ર વિભાગ અને ઈકો કલબના વિદ્યાર્થીઓ, ડો.એમ.જી.પટેલ, ડો. એમ. એમ. પટેલ, ડો. હીના પ્રજાપતિએ વન્ય જીવ સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે ઈન્દ્રોડા ગાર્ડન, ગીર ફાઉન્ડેશન મુકામે ગુજરાતના પક્ષીઓ-વિહંગાલોકન કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં શરૂઆત સીનિયર વૈજ્ઞાનિક ડૉ. કેતન ટાટુ "Bird Walk & Expert Talks"ના વ્યાખ્યાન દ્વારા કરવામાં આવી હતી. જેમાં પક્ષીઓની ઓળખ, સંરક્ષણ, પ્રકુતિમિ તેમનું મહત્વ અને સારસ પક્ષી વિષે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી.



અંતે સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા રૂપકભાઈ સોલંકી અને તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો, આ સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન ડૉ, એસ. કે. પટેલ, ડો.એમ.જી.પટેલ અને ઈકો ક્લબ ટીમ દ્વારા આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.

## અસહ્ય ગંદકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેના લીધે અસહ્ય ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલથી સ્થાનિકો પરેશાન છે. આ મામલે સ્થાનિક તંત્ર સમક્ષ પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ કોઈ પગલા લેવાતા નથી. સે- ૩ બી માં પ્લોટ નં ૨૮૯ માં રહેતા વિક્રમસિંહ બાલુસિંહ રાઠોડના ઘર પાસે જ ગટરનુ દુષિત પાણી ભરાય છે. ફરિયાદ કરવા છતા નિરાકરણ આવતુ નથી આ સમસ્યાનો ત્વરિત ઉકેલ આવે તે માટે પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

## સર્વે હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાશે. વન વિસ્તારમાં ફેન્સીંગનુ નવિનીકરણ કરવા માટે લાંબા સમયથી આયોજન કરવામાં આવતુ નથી. જેના લીધે રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ ગંદકી અને દબાણો વધતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. જયારે હવે આ મામલે વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવતા આવનારા દિવસોમાં શહેરમાં વન વિસ્તારની રોનક નિખારવા માટે આયોજન કરી દેવાયુ છે. ટુંકમાં કામગીરી પણ શરૂ કરી દેવાશે.

## ઢોલ ઢબૂકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂનમના ગરબા ખેલૈયાઓ પોતાના પરિવાર સમાજ કે સંગઠન સાથે માણે છે જેના કારણે સંપૂર્ણપણે પારિવારિક માહોલમાં શરદ પૂર્ણિમાની ઉજવણી થતી હોય છે. વળી, આ ઉજવણીમાં શરદપૂર્ણિમા નિમિત્તે દૂધ પૌવાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં હવે સાથે ચટાકેદાર નાસ્તો પણ રાખવાનું ચલણ વધતું જાય છે. ગાંધીનગરના સેક્ટર-૧૨માં કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા તેમના સમાજના પરિવારો માટે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું છે તો બીજી તરફ બ્રહ્મસમાજ દ્વારા ધોળેશ્વર મહાદેવ વિસ્તારમાં ભૈરવનાથ પાર્ટીપ્લોટ ખાતે શરદપૂનમના રાસ ગરબા યોજવામાં આવ્યા છે. આ ઉપરાંત પણ શહેરમાં શરદપૂર્ણિમાએ વિદાય જરૂર જોવા મળે છે જેમાં શહેરની સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ દ્વારા "ગાંધીનગર સ્ટાર સિંગર" એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સેક્ટર-૨૮ના રંગમંચ ખાતે "ચાંદ અને રાત" આધારિત લાઈવ ઓરકેસ્ટ્રા તેમજ કરાઓકેના સહારે ગીત ગાયન સ્પર્ધા યોજાશે.

## ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઔરંગાબાદ રૂટ પર નંદુરનાકા નામના સ્થળે થયો હતો. મળતી માહિતી મુજબ આ દુર્ઘટનામાં ઘણા લોકો દાઝી ગયા હોવાના અહેવાલ છે. નાસિક પોલીસે પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે. અકસ્માતની પુષ્ટિ કરતા ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અમોલ તાંબેએ કહ્યું કે તેમાં કેટલાક લોકોના મોત થયા છે. હાલ મૃત્યુઆંક ૧૧ જણાવવામાં આવી રહ્યો છે. નાસિક પોલીસે જણાવ્યું છે કે, "શુક્રવારે રાત્રે બસમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે. મૃતદેહો અને ઘાયલ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, અમે હજુ પણ મૃત્યુઆંક વધી શકે છે, મળતી માહિતી મુજબ, બસ યવતમાલથી મુંબઈ જઈ રહી હતી. ધુલેથી મુંબઈ જઈ રહેલું ટ્રેલર બસ સાથે અથડાઈ જતાં આ અકસ્માત થયો હતો. જેમાં આઠથી દસ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માતમાં ઘાયલોને ફાયર બ્રિગેડ દ્વારા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ટ્રાવેલ કંપનીના માલિક ગુડ્ડુએ જણાવ્યું કે સ્લીપર બસમાં લગભગ ૩૦ મુસાફરો હતા. ઘાયલોની હાલ સારવાર ચાલી રહી છે.